ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
૨૬૩૦૦૮૩૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Tele. Phone : 26301341-26300342-43, 26300126 & 26300664, 26300834
Grams : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં.એકેડેમિક/૨૦૮૬ /૨૦૧૪ તા.૧૦/૯/૨૦૧૪

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ વિધાશાખાની કોલેજોના આચાર્યશ્રી તેમજ ટ્રસ્ટીશ્રીઓ તરફ

વિષય- યુવા મતદાર મહોત્સવ-૨૦૧૪ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ- ૧: મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગાંધીનગરના તા.૨૨-૦૮-૨૦૧૪ના પત્રક્રમાંક-ઇએલસી/૧૦૨૦૧૪/૬૯૪/છ-SVEEP.
૨: કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી,જિલ્લા સેવા સદન સુભાષબ્રીજ સર્કલ, અમદાવાદના નં.ઇએલસી/ યુવા મહોત્સવ/ ID-૮૯૪/૨૦૧૪ તા.૨૫-૦૮-૨૦૧૪ પત્ર.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે સંદર્ભમાં જણાવેલ પત્રની નકલ સામેલ છે, તથા www.gujaratuniversity.org.in પર પણ આપની જાણ માટે મૂકવામાં આવેલ છે, જેના સંદર્ભમાં આપશ્રીને આપની સંસ્થામાં તા.૨૦-૦૯-૨૦૧૪ સુધીમાં કાર્યવાહી કરી અને વિજેતાની જાણ જે તે જીલ્લાના કલેકટરશ્રીને મોકલી આપવા અને તેની એક અત્રેની કચેરીએ પણ મોકલી આપવા વિનંતી છે.

કુલસચિવ

બિડાણ- ઉપર મુજબ
નકલ રવાના- જાણ સારૂ
૧: કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી
જિલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ, અમદાવાદ

૨: મુખ્ય નિર્વાચન અધિકારી/સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી
સહકાર ભવન,બ્લોક નં-૭, બીજો માળ, સચિવાલય,ગાંધીનગર-૩૮૨૦૧૦(ગુજરાત)

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
Fax No.: 079-23250324
079-23250319

યુવા મતદાર મહોત્સવ

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : ઈએલસી-૧૦૨૦૧૪-૬૯૪-છ                                   તારીખ : ૦૫-૦૮-૨૦૧૪

પ્રતિ,

કલેક્ટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી(સર્વે)

વિષય : 'યુવા મતદાર મહોત્સવ-૨૦૧૪' ની ઉજવણી કરવા બાબત

તાજેતરમાં સંપન્ન થયેલ લોકસભા સામાન્ય ચૂંટણીઓમાં જીલ્લા કક્ષાએ / મતદાર વિભાગ કક્ષાએ હાથ ધરવામાં આવેલ સઘન પ્રયત્નો કારણે મતદાનની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થવા પામેલ છે. આ સમગ્ર કામગીરી SVEEP PHASE-II અંતર્ગત હાથ ધરવામાં આવેલ.

ચૂંટણી પંચ તરફથી મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ-૨૦૧૫ નજીકના ભવિષ્યમાં શરૂ થનાર છે. યુવા, મહિલા, શહેરી મતદારો, અસંગઠિત મજૂર, Excluded Groups/Community તેમજ લાયકાત ધરાવતા પરંતુ મતદાર તરીકે નોંધાવાના બાકી હોય તેઓના નામ મતદારયાદીમાં નોંધાય તે મુજબ તમામ લાયકાત ધરાવતા લોકોની ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી વધે તેવા પ્રયત્નો હાથ ધરી ક્ષતિરહિત મતદારયાદી તૈયાર કરવાની છે.

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચની સુચના મુજબ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૪ તથા લોકસભા સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખી SVEEP PHASE-II કાર્યક્રમનો અમલ કરવામાં આવેલ હતો. આ અંતર્ગત લોકોની લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં ભાગીદારી વધે તેવા પ્રયત્નોના ભાગરૂપ વિવિધ કાર્યક્રમો હાથ ધરવાની સૂચના અનુસાર મતદાર યાદી સુધારણા અંતર્ગત લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂરા કરતાં હોય તેવા યુવા વર્ગ, મહિલા તથા યુવા મતદારોની ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારીને નજર સમક્ષ રાખી 'યુવા મતદાર મહોત્સવ-૨૦૧૪' નું આયોજન કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન રાજ્યમાં મતદાર યાદી સુધારણાની કામગીરી તથા રાજયમાં યોજાનાર પેટા ચૂંટણી જેવી કામગીરીના સંદર્ભે મતદાર યાદીમાં ૧૮ વર્ષપુરાં કરતા હોય તેવા યુવા મતદારોનો તેમજ જે યુવા મતદારોનો મતદાર યાદીમાં નોંધણી થયેલ ન હોય તેવા તમામ યુવા મતદારોના નામ મતદારયાદીમાં નોંધાય અને યુવા મતદારોની ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી વધારવાના આશયથી રાજયના યુવા મતદારોમાં જાગૃતિ માટેના સઘન પ્રયત્નો હાથ ધરવાના છે. આ વિભાવનાને સાકાર કરવા માટે રાજયમાં **'યુવા મતદાર મહોત્સવ-૨૦૧૪' (YVF-2014)ની તારીખ : ૨૦-૦૮-૨૦૧૪ થી તારીખ : ૨૦-૦૯-૨૦૧૪ દરમ્યાન ઉજવણી અંગેનું આયોજન કરવાનું નક્કી** કરવામાં આવેલ છે. આ માટે રાજયના તમામ જીલ્લા/તાલુકા મથકે આવા યુવા મતદાર મહોત્સવના આયોજન માટે માર્ગદર્શક સૂચનાઓ તથા સિધ્ધાંતો પણ નિયત કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ રાખેલ છે. આ સુચનાઓને અનુલક્ષીને આપની કક્ષાએથી સક્રિય રસ લઈ આ અંગે ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેની વિનંતી કરવામાં આવે છે.

- 'યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૪માં યુવા મતદારોને કેન્દ્રસ્થ રાખી આયોજન કરવાનું હોઈ, આપના જીલ્લામાં નિયુકત થયેલ કેમ્પસ એમ્બેસેડરને આ ઈવેન્ટમાં ઘનિષ્ઠ રીતે સાંકળી લેવામાં આવે તે મુજબના પ્રયત્નો હાથ ધરવા વિનંતી છે.

- આપના જીલ્લાની દરેક શૈક્ષણિક સંસ્થાઓ કે જ્યાં યુવા મતદારા મહોત્સવ, ૨૦૧૪ અંતર્ગત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે, તેમના તરફથી એન્ટ્રી નિયત તારીખે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં આ કામગીરી માટે નિમાયેલ નોડલ અધિકારી પાસે રજૂ થાય તેની તકેદારી રાખવાની રહેશે.
- શૈક્ષણિક સંસ્થાઓમાં આવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હોય, તેવી ઈવેન્ટના બે થી ત્રણ ડીજીટાઈઝડ ફોટોગ્રાફ સંસ્થા પાસેથી અચૂક મેળવવાના રહેશે.
- જીલ્લા કક્ષાએ નીમવામાં આવેલ નિર્ણાયક કમિટિમાં જૂદી જૂદી શ્રેણીમાં એક થી ત્રણ નંબર પર આવતી એન્ટ્રીની ચકાસણી કરી આ એન્ટ્રીઓ જો જીંગલ, ગીત કે અન્ય ઓડીયો પ્રકારના હોય તેવા કિસ્સામાં તેવી *કૃતિઓના રચયિતા વિદ્યાર્થીઓ દ્વારા સ્ટુડીયોમાં ડીજીટલ સાઉન્ડ સીસ્ટમ પર ડબ કરાવી, મૂળ એન્ટ્રી તથા ડબ એન્ટ્રી રાજય કક્ષાની નિર્ણાયક કમિટિ સમક્ષ રજૂ કરવા.* તે મુજબ **ફલેશ મોબ પ્રકારની એન્ટ્રીમાં પણ આ પદ્ધતિ અપનાવવી જોઈશે.**

ઉપર મુજબની જીલ્લા કક્ષાએ થયેલ સમગ્ર કામગીરીની વિગતો આ સાથેના પત્રકમાં મોડામાં મોડા તારીખ : ૧૬–૧૦–૨૦૧૪ સુધીમાં આ કચેરીને અચૂક મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. આ માહિતી અંગ્રેજીમાં, excel Format માંજ મોકલવામાં આવે તેની ખાસ તકેદારી રાખવી. *(pdf format માં રજૂ કરેલ વિગતો ધ્યાને લેવામાં આવશે નહી)* વધુમાં આ સાથે સામેલ પત્રકના ફોર્મેટમાં જ માહિતી રજૂ કરવી તેમાં આપની કક્ષાએ કોઈ વધારાની માહિતી રજૂ કરવાની નથી.

(અશ્વની કુમાર)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજય

નકલ રવાના :–

- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ઝોનલ ડાયરેકટર, નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગુજરાત પંચાયત પરિષદ ભવન, સેકટર–૧૭, ગાંધીનગર.
- યુથ ઓફિસરશ્રી, એન.એસ.એસ., ૧/સી, પૂજા કોમ્પલેક્ષ, પોસ્ટ ઓફિસ પાસે, ભઠ્ઠા રોડ, પાલડી, અમદાવાદ.
- સ્ટેટ કો–ઓર્ડિનેટર, એન.સી.સી., અમદાવાદ

૨. આ કાર્યક્રમને અનુલક્ષીને આપની કક્ષાએથી ઘટતી કાર્યવાહી કરવા તથા જીલ્લા ચૂંટણી તંત્રને આ કામગીરીમાં સંપૂર્ણસહકાર આપવા વિનંતીસહ.

(એલ.પી.પાડલીઆ)
સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજય

## યુવા મતદાર મહોત્સવ–૨૦૧૪ અંગેની માર્ગદર્શક સૂચનાઓ

૧. યુવા મતદાર મહોત્સવ અંતર્ગત આપના જીલ્લામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વચ્ચે જે તે શૈક્ષણિક સંસ્થામાં, જે તે વિસ્તારની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે, જિલ્લામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે તેમજ આંતર જિલ્લાઓની શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સ્પર્ધાનું આયોજન કરવાનું છે.

૨. આ યુવા મતદાર મહોત્સવમાં જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૪–૧૫ ના શૈક્ષણિક વર્ષ/ટર્મ માટે નીચે દર્શાવેલી શૈક્ષણિક સંસ્થાઓ પૈકીની કોઈ સંસ્થામાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ જ આ મહોત્સવમાં ભાગ લઈ શકશે.

- કોઈપણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ–૯, ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ
- રાજયની તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે સ્નાતક કક્ષાની કોલેજો, આઈ.ટી.આઈ., પી.ટી.સી. કોલેજો, વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ
- તાલીમ આપતી સંસ્થાઓ, કોચીગ સંસ્થાના વિદ્યાર્થીઓ

૩. આ ઉપરાંત આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નીચે મુજબની લાયકાતો હોવી જરૂરી છે.

- વિદ્યાર્થીની ઉમર ૧૫ થી ૨૮ વર્ષ વચ્ચેની હોવી જોઈએ. (તા.૧–૧–૧૯૮૬ થી તા.૧–૧–૧૯૯૯ ની વચ્ચે જન્મેલા) આમ છતાં ગુણવત્તાયુકત કિસ્સામાં પ્રવેશ આપવા માટે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી ખાસ કિસ્સા તરીકે નીચલી વયમર્યાદા અને ઉપલી વયમર્યાદામાં એક વર્ષની છૂટછાટ મુકી શકશે.
- શૈક્ષણિક સંસ્થાઓના સંકુલમાં અભ્યાસ (Campus Study) કરતાં વિદ્યાર્થી જ આવી સ્પર્ધામાં ભાગ લઈ શકશે. પત્રવ્યવહાર (Correspondence Study) દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી.
- જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અપવાદરૂપે જિલ્લામાં આવેલ NSS, NYKS, NCC અને રાષ્ટ્રીય સાક્ષરતા મિશનના સભ્યો / સ્વયં સેવકો / કેડેટસને પણ સંબંધિત જિલ્લા અધિકારી સાથેના પરામર્શમાં આ સ્પર્ધામાં ભાગ લેવા સંમતિ આપી શકશે. આ જિલ્લા અધિકરીઓએ આ માટેની આવશ્યક શરતો પરિપૂર્ણ થતી હોય તો, આવી સંસ્થાઓએ તેમના આચાર્ય / વડા મારફત દરેક કેટેગરીમાં જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ એન્ટ્રી પસંદ કરી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને મોકલી આપવાની રહેશે.

૫. આ મહોત્સવમાં પાંચ પ્રકારની સ્પર્ધાનો સમાવેશ કરવામાં આવેલ છે. આવી સ્પર્ધાઓ રાજયમાં ૨૦ આગસ્ટ થી ૨૦ સપ્ટેમ્બર વચ્ચે સમગ્ર રાજયમાં યોજવાની રહેશે. આ પાંચ પ્રકારની હરીફાઈમાં મુખ્યત્વે લોકશાહી મૂલ્યો/ચૂંટણી પ્રક્રિયામાં બદલાતા અભિગમ તથા મતદાર અને ચૂંટણી પ્રક્રિયામાં Information Technology ની ઉપયોગિતાના સંબંધમાં યુવાનોમાં બદલાઈ રહેલા દૃષ્ટિકોણ ધ્યાનમાં રાખવાનો રહેશે.

૬. આ મહોત્સવ અંતર્ગત નીચે જણાવ્યા મુજબની પાંચ સ્પર્ધા રહેશે.

કક્ષા—૧ **જીંગલ્સ/ગીત/રેપ લેખન**

આ પ્રતિયોગિતામાં ચૂંટણી પ્રક્રિયા / મતદાર જાગૃતિને અનુલક્ષીને સ્પર્ધક પોતે લખેલ, સંગીતબધ્ધ કરેલ અને પોતાના સ્વરમાં ગાયેલ વધુમાં વધુ ૯૦ સેકન્ડની મર્યાદામાં ગીતો / જીંગલ્સ / રેપ CD પર રેકર્ડ કરી રજૂ કરવાની રહેશે.

કક્ષા—૨ **મેસ્કોટ બનાવવા અને તેની ડીઝાઈન તૈયાર કરવી**

આ પ્રતિયોગિતામાં ભાગ લેનાર સ્પર્ધકે તેમની કૃતિ બધ સાઈઝના કાગળ પર અથવા ફ્રેમ માં (jpg અથવા pdf file) કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને રજૂ કરવાની રહેશે. આ પ્રતિયોગિતામાં પસંદગી પામેલ કૃતિનો ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ઉપયોગ કરવામાં આવશે.

કક્ષા—૩ **Flash Mob :**

આ પ્રતિયોગિતામાં એક જૂથમાં મહત્તમ ૨૫ સભ્યો રહેશે. આવા જૂથો દ્વારા વ્યવસ્થિત કોરીયોગ્રાફ કરેલ *ત્રણ થી પાંચ મિનિટની કૃતિ* જાહેર સ્થળો જેવા કે, હાટ, મોલ, શૈક્ષણિક સંકુલની બહાર, સિનેમા થિયેટર પાસે ભજવવાની રહેશે. આ કૃતિમાં તેમની પસંદગીનું કોઈપણ ગીત (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) ઉપર Flash Mob પ્રસ્તુત કરી CD માં રેકર્ડ કરી જે તે શૈક્ષણિક સંસ્થા મારફત કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને રજૂ કરવાનું રહેશે.

કક્ષા—૪ **Ad. Film / Quickies Competition :**

આ પ્રતિયોગિતામાં સ્પર્ધકે ચૂંટણી પ્રક્રિયા અને મતદાર જાગૃતિને અનુલક્ષીને ચોકકસ વિષય વસ્તુ પર વધુમાં *વધુ ૬૦ સેકન્ડની મર્યાદામાં ટૂંકી જાહેરાતની ફિલ્મ* તૈયાર કરી CD પર રેકર્ડ કરી જે તે શૈક્ષણિક સંસ્થા મારફત કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને રજૂ કરવાની રહેશે.

કક્ષા—૫ **ખાસ ઓપન કેટેગરી**

આ ઓપન કેટેગરીમાં તારીખ : ૧—૧—૨૦૧૪ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂરા કરતાં હોય અને મતદાર યાદીમાં તેઓ નોંધાયેલ હોય તેવા ૧૮ થી ૨૦ વર્ષની ઉંમરના કોઈપણ યુવા મતદાર કે જે અભ્યાસ ન કરતાં હોય તો પણ આ કક્ષામાં ભાગ લઈ શકે છે. આમ આ દરેક યુવા મતદાર માટે ઓપન કેટેગરી છે. આ કક્ષામાં યુવા મતદારો મતદાર યાદીમાં નામ નોંધાવવા તથા ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી અંગેના વિષયવસ્તુને ધ્યાને લઈ પોતાના આગવા વિચારો કૃતિમાં રજૂ કરવાના રહેશે. આવી કૃતિ, ટૂંકી ફિલ્મ, જીંગલ, સનેડો, ડાયરો, ગીત—સંગીત અને હોર્ડિંગ્સ / પોસ્ટર ડિઝાઈન પૈકીના કોઈપણ સ્વરૂપમાં હોઈ શકે છે.

૭. ઉપર્યુકત પાંચેય સ્પર્ધા માટેના મૂલ્યાંકનના ધોરણો નીચે મુજબ રહેશે.

| કક્ષા | સ્પર્ધાનો પ્રકાર | પેટા પ્રકાર | મૂલ્યાંકનના સામાન્ય માપદંડ | જરૂરી શરતો |
|---|---|---|---|---|
| ૧ | આ સ્પર્ધામાં તેમને આપવામાં આવેલ વિષય વસ્તુ પૈકી કોઈપણ એક પર સ્પર્ધક પોતે લખેલા, જાતે સંગીતબધ્ધ કરેલા અને પોતે ગાયેલા જીંગલ, રેપ અને ગીતો (આવી કૃતિ હમ પર ફોર્મેટમાં, ૃક ધફચમ ફાઈલમાં હોવી જોઈએ.) | (અ) જીંગલ મહત્તમ ૭૫ શબ્દોના અને ત્રણ અંતરાથી વધુ ન હોવી જોઈએ.<br>(બ) રેપ્સ/ગીત ૯૦ સેકન્ડથી વધુ ન હોવા જોઈએ. | (અ) કાવ્યો અને સંગીત મૌલિક હોવા જોઈએ તેમજ કોપીરાઈટના પ્રતિબંધોથી મુકત હોવા જોઈએ.<br>(બ) સર્જનાત્મકતા, નૈતિકતા અને સ્વરાંકન (Composition)<br>(ક) રજૂ કરવામાં આવેલ કૃતિ સંબંધિત સમુદાયને સ્પષ્ટ સંદેશ પહોંચાડતી હોવી જોઈએ.... | જો વિદ્યાર્થીઓનું જૂથ (વધુમાં વધુ ચાર વિદ્યાર્થીઓ) કોઈ કૃતિ રજૂ કરે, તો તેને એક વ્યકિતગત એન્ટ્રી ગણવાની રહેશે. આ પૈકી પસંદગી પામેલ કૃતિ માટે જે ગ્રૂપ લીડર હશે માત્ર તેના નામનું પ્રમાણપત્ર આપવામાં આવશે. |
| ૨. | મેસ્કોટ બનાવવા/ડિઝાઈન તૈયાર કરવાની સ્પર્ધા, મતદારયાદીમાં, મતદાર યાદીમાં નામ નોધાવવા તથા લોકસભાની આગામી સામાન્ય ચૂંટણી દરમ્યાન મતદાનનું મહત્વ સમજાવવા આ કૃતિઓનો ઉપયોગ કરવામાં આવશે. | (અ) A3/A4 સાઈઝના ડ્રોઈંગ પેપર પર કૃતિ સ્વહસ્તે તૈયાર કરેલ હોવી જોઈએ.<br>(બ) હમ માં રજૂ કરેલ કૃતિ jpeg અથવા pdf file ફોર્મેટમાં હોવી જોઈએ. CD પર વિદ્યાર્થીનું નામ, સંસ્થાનું નામ, જિલ્લો અને સ્પર્ધાનો પ્રકાર દર્શાવવાનો રહેશે. | (અ) મૌલિક અને સર્જનાત્મક કૃતિ હોવી જોઈએ.<br>(બ) નૈતિકતા અને સ્વરાંકન (Composition) (Visual Appeal) દાર્શનિક અસરકારકતા.<br>(ક) સંબંધિત સમુદાયને અસરકર્તા હોવી જોઈએ. | (અ) માસ્કોટ મારફતે જે સંદેશો આપવા ઈચ્છતા હોય તે ટૂંકમાં લેખિતમાં લખાણ આપવાનું રહેશે.<br>(બ) સ્વહસ્તે અથવા કમ્પ્યુટરથી તૈયાર કરેલ મેસ્કોટની ડિઝાઈનનું મૂલ્યાંકન એકસરખું રહેશે. |
| ૩. | Flash Mob :<br>આ પ્રતિયોગિતામાં એક જૂથમાં મહત્તમ ૨૫ સભ્યો રહેશે. | હમ પર રજૂ કરેલ કૃતિ (VLC અથવા Windows Media Player ) ફોર્મેટમાં હોવી જોઈએ. | (અ) રજૂ થયેલ કૃતિમાં નીચે જણાવેલ બાબતો મૌલિક અને સર્જનાત્મક. હોવી જોઈએ.<br>• કોરીયોગ્રાફી | – |

| | | | | |
|---|---|---|---|---|
| | આવા જૂથો દ્વારા વ્યવસ્થિત કોરીયોગ્રાફ કરેલ ત્રણથી પાંચ મિનીટની કૃતિ જાહેર સ્થળો જેવા કે હાટ, મોલ, શૈક્ષણિક સંકુલની બહાર, સિનેમા થિયેટર પાસે ભજવવાની રહેશે. આ કૃતિમાં તેમની પસંદગીનું કોઈપણ ગીત (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) ઉપર Flash Mob પ્રસ્તુત કરી CD માં રેકર્ડ કરી જે તે શૈક્ષણિક સંસ્થા મારફતે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને રજૂ કરવાનું રહેશે. | | • સંગીત–શબ્દો<br>• સ્થળની પસંદગી<br><br>(બ) રજૂ કરવામાં આવેલ કૃતિ સંબંધિત સમુદાયને સ્પષ્ટ સંદેશ પહોંચાડતી હોવી જોઈએ.<br><br>(ક) સર્જનાત્મકતા, નૈતિકતા અને સ્વરાંકન (Composition) | |
| ૪. | Ad. Film / Quickies Competition:<br><br>આ પ્રતિયોગિતામાં સ્પર્ધકે તેમને જણાવવામાં આવે તેવા ચોકકસ વિષય વસ્તુ પર વધુમાં વધુ ૬૦ સેકન્ડની મર્યાદામાં ટૂંકી જાહેરાતની ફિલ્મ તૈયાર કરવાની રહેશે. | કૃતિ હમેં પર jpg અથવા pdf file ફોર્મેટમાં હોવી જોઈએ. | (અ) મૌલિકતા અને સર્જનાત્મકતા<br><br>(બ) સ્પષ્ટ સંદેશાત્મકતા<br><br>(ક) નૈતિકતા અને સ્વરાંકન(Composition - Visual Appeal) દાર્શનિક અસરકારકતા<br><br>(ડ) સંબંધિત પ્રેક્ષકો માટે સંદેશાત્મક હોવી જોઈએ. | આ કૃતિમાં મહત્વ વિશે ૫૦ થી ૧૦૦ શબ્દોમાં વિવરણ આપવાનું રહેશે. |
| ૫. | ખાસ ઓપન કેટેગરી આ ઓપન કેટેગરીમાં તા. ૧–૧–૨૦૧૪ ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂરા કરતાં હોય અને મતદાર યાદીમાં નોંધાયેલ હોય તેવા | આ કેટેગરીમાં રજૂ કરવામાં આવતી કૃતિ સોફટ કોપીમાં રજૂ કરવાની રહેશે. પરંતુ જો કૃતિ ખાસ પ્રકારની આગવી જે સોફટ કોપીમાં રજૂ | (અ) મૌલિકતા અને સર્જનાત્મકતા<br><br>(બ) સ્પષ્ટ સંદેશાત્મકતા<br><br>(ક) નૈતિકતા અને સ્વરાંકન | આ સ્પર્ધામાં ફકત ૧૮ થી ૨૦ વર્ષની વયના મતદાર યાદીમાં પ્રથમ વખત નોંધાયેલ હોય તેવા [illegible] |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૮ થી ૨૦ વર્ષની ઉંમરના કોઈપણ યુવા મતદાર કે જે અભ્યાસ ન કરતાં હોય તો પણ આ કક્ષામાં ભાગ લઈ શકે છે. આમ આ દરેક યુવા મતદાર માટે ઓપન કેટેગરી છે. આ કક્ષામાં યુવા મતદારો મતદાર યાદીમાં નામ નોંધાવવા તથા ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી અંગેના વિષયવસ્તુને ધ્યાને લઈ પોતાના આગવા વિચારો કૃતિમાં રજૂ કરવાના રહેશે. આવી કૃતિ, ટૂંકી ફિલ્મ, જીંગલ, સનેડો, ડાયરો, ગીત–સંગીત અને હોર્ડિંગ્સ / પોસ્ટર ડિઝાઈન પૈકીના કોઈપણ સ્વરૂપમાં હોઈ શકે છે | કરી શકાય તેમ ન હોય તો કલેક્ટર અને જીલ્લા ચૂંટણી અધિકારીના પ્રતિનિધિ સાથે પરામર્શ કરી તદ્નુસાર રજૂ કરી શકાશે. | (Composition) (Visual Appeal) દાર્શનિક અસરકારકતા<br>(ડ) સંબંધિત પ્રેક્ષકો માટે સંદેશાત્મક હોવી જોઈએ. | ભાગ લઈ શકશે. તે સિવાયના કોઈપણ વ્યક્તિ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી. |

૮. આ હરીફાઈઓ શૈક્ષણિક સંસ્થાઓના વડા/આચાર્યની દેખરેખ નીચે યોજવાની રહેશે. **પ્રાથમિક શાળાના અને મીડલ સ્કુલના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી.**

૯. સ્કુલ/કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓએ યુવા મતદાર મહોત્સવ–૨૦૧૪ અંતર્ગત યોજવાની થતી આ સ્પર્ધાઓ માટે વિદ્યાર્થીઓ તરફથી રજૂ થયેલ કૃતિઓ જિલ્લા ચૂંટણી અધિકારીએ નિયત કરેલ સરનામે માત્ર મોકલવાની હોઈ, શૈક્ષણિક સંસ્થાઓને ચૂંટણી તંત્ર તરફથી કોઈ નાણાકીય સહાય આપવામાં આવશે નહી.

૧૦. યુવા મતદાર મહોત્સવ–૨૦૧૪ અંતર્ગત યોજવાની થતી આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કેમ્પસ એમ્બેસેડરને આ ઈવેન્ટ સાથે સક્રિય રીતે સાંકળવામાં આવે, બહોળા પ્રચાર અને પ્રસાર દ્વારા વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાની રહેશે. તેમજ સ્પર્ધામાં કૃતિઓની રજૂઆતની છેલ્લી તારીખોની જાણકારીની પ્રસિધ્ધિ બધી જ શૈક્ષણિક સંસ્થાઓમાં ચોકકસ થાય તેની તકેદારી રાખવાની રહેશે.

૧૧. ઓપન કેટેગરીમાં તારીખ : ૧–૧–૨૦૧૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં પ્રથમ વખત નોંધાયેલ ૧૮ થી ૨૦ વર્ષના મતદારો માટેની ખાસ કક્ષા નિયત કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં આપના જીલ્લામાં કેબલ નેટવર્ક / સ્થાનિક સમાચાર પત્રો તથા અન્ય માધ્યમો દ્વારા તેનો પ્રચાર / પ્રસાર કરવાનો રહેશે. આ કેટેગરી માટે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમા નોડલ અધિકારીની નિયુકિત કરી, આ કેટેગરી માટે આવતી એન્ટ્રીઓ સીધી મેળવવાની રહેશે. આવી

એન્ટ્રી મેળવતી વખતે સ્પર્ધક જે તે જીલ્લામાં મતદાર યાદીમાં નોંધાયેલ હોય, તેના રહેઠાણ તથા વ્યવસાય (જો કરતા હોય તો)ની વિગતોની પૂરતી ચકાસણી તેમના તબક્કે કરી લેવાની રહેશે.

૧૨. **સ્પર્ધા યોજવા અંગેની પ્રક્રિયાની વિગતો :-**

- લોકશાહીમાં યુવાનોની ભાગીદારીની કેમ જરૂર છે ?
- ચૂંટણી પ્રક્રિયામાં યુવાનોમાં ઉત્સાહ વધારવાના ઉપાયો
- ચૂંટણી પ્રક્રિયામાસ્ત્રીઓમાં ઉત્સાહ વધારવાના ઉપાયો
- ચૂંટણી પ્રક્રિયામા શહેરી મતદારોમાં ઉત્સાહ વધારવાના ઉપાયો
- ચૂંટણી પ્રક્રિયામા નિરક્ષર મતદારોમાં ઉત્સાહ વધારવાના ઉપાયો
- ચૂંટણી પ્રક્રિયામા આદિજાતિ મતદારોમાં ઉત્સાહ વધારવાના ઉપાયો
- ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારીને કારણે લોકશાહી વ્યવસ્થા પર કેવી અસર પડે છે?
- મતદાર તરીકે નોંધણી એ પ્રથમ પગલું
- નૈતિકતાપૂર્ણ મતદાન એટલે કે લાંચ, રોકડ, દારૂના પ્રલોભન વગરના મતદાન માટે જાગૃતિ લાવવી.
- દરેક કૃતિ જે તે શૈક્ષણિક સંસ્થાના વડા / આચાર્ય દ્વારા મોકલાયેલ હોવી જોઈએ. જેમાં હરીફાઈમાં ભાગ લેનાર વિદ્યાર્થી તેમની જ સંસ્થાનો વિદ્યાર્થી છે તે તેમણે પ્રમાણિત કરવાનું રહેશે.
- જીલ્લા કક્ષાની હરીફાઈ માટે પસંદ થયેલ વિદ્યાર્થીનું નામ, શૈક્ષણિક વિગતો, ઉંમર, સંસ્થાનું નામ અને સરનામું, સંપર્કની વિગતો વગેરે આ સાથે સામેલ નમુના મુજબ જે તે શૈક્ષણિક સંસ્થાએ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીને લખવાના પત્રમાં જણાવવાની રહેશે.
- દરેક કૃતિ સાથે સ્પર્ધકે એવી બાંહેધરી આપવાની રહેશે કે રજૂ થયેલ કૃતિ તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તેમજ તે અન્ય કોઈ જગ્યાએથી ઉઠાંતરી કરેલ નથી અને ભવિષ્યમાં ઉભા થનાર કોઈપણ આરોપ, વિવાદ કે કાયદાકીય દાવાની પુરેપુરી જવાબદારી તે સ્પર્ધકની રહેશે.
- સંસ્થાઓએ એ બાબત સ્પષ્ટ કરવાની રહેશે કે સ્પર્ધાના કોઈપણ તબકકે એવું માલુમ પડશે કે, રજૂ થયેલ કૃતિ ઉઠાંતરી કરેલ છે અથવા કોપી રાઈટના નિર્દેશોનો ભંગ કર્તા છે અથવા સ્પર્ધક આ હરીફાઈ માટે જરૂરી લાયકાત ધરાવતા નથી અથવા જે સંસ્થા તરફથી કૃતિ મળેલ છે તે સંસ્થાના તેઓ વિદ્યાર્થી નથી, તો કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર રજુ થયેલ કૃતિ રદ કરવામાં આવશે.
- અત્રેથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, જિલ્લા કે રાજય સ્તરે મૂલ્યાંકન માટે પસંદગી પામેલ અને જિલ્લા કે રાજય સ્તરે ઈનામને પાત્ર ઠરેલ કૃતિઓનો ઉપયોગ મુખ્ય નિર્વાચન અધિકારી તેમજ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા મતદાર જાગૃતિ અભિયાનમાં કરવામાં આવશે અને તેવી તમામ કૃતિઓના માલિકી હકક તથા કોપીરાઈટના અધિકાર મુખ્ય નિર્વાચન અધિકારીના રહેશે. આવી પસંદગી પામેલ કૃતિઓ માટે કૃતિના રચયિતાને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.
- ઓપન કેટેગરી માટેની કૃતિઓ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં નિમાયેલ નોડલ અધિકારીએ સીધેસીધી સ્વીકારવાની રહેશે. આવી એન્ટ્રી સ્વીકારતી વખતે ઉપર પત્રકમાં જણાવ્યા મુજબની ખરાઈ કરી લેવાની રહેશે.
- કૃતિઓ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં મોકલી શકાશે.

૧૨. સંસ્થાઓ દ્વારા પસંદગી પામેલ ત્રણ કૃતિઓ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં મળ્યા પછી તે જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા નીમવામાં આવેલ નિર્ણાયકો સમક્ષ જિલ્લા કક્ષાની

દરેક કેટેગરીમાં ત્રણ શ્રેષ્ઠ કૃતિઓ પસંદગી માટે મુકવામાં આવશે. નિષ્ણાતોની સમિતિ પાસે મોકલી તેમાંથી જિલ્લા સ્તરની દરેક કેટેગરીની પ્રથમ ત્રણ કૃતિઓ પસંદ કરવામાં આવશે. જિલ્લા સ્તરે જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતમાં નિર્ણાયક સમિતિ મળશે. જેમાં અન્ય સભ્યો તરીકે જિલ્લાની કોઈપણ એક કોલેજના આચાર્ય, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી, એક મતદાર નોંધણી અધિકારી, જિલ્લા સ્તરના દકકળદહહળદથછક ના વડા અને જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાત(સંગીત, કલા, ટેકનોલોજી, નાટક, છબીકલા, ચલચિત્ર વગેરે) રહેશે. પાંચે પ્રકારની કેટેગરી માટેના નિષ્ણાતોની પસંદગી માટેની યાદી નીચે મુજબ છે. આમ છતાં જીલ્લા ચૂંટણી અધિકારી જેને ઈચ્છે તેને નિર્ણાયક સમિતિમાં નિયુક્ત કરી શકશે. એક યત નિષ્ણાત પણ આ સમિતિમાં નિયુક્ત કરી શકાશે.

| ક્રમ | હરીફાઈનો પ્રકાર | નિષ્ણાત નિર્ણાયક તરીકે નીચેનામાંથી પસંદગી કરી શકાશે |
|---|---|---|
| ૧ | જિંગલ્સ/ગીત/રેપ લેખન | રેડિયો જોકી |
| ૨ | મેસ્કોટ ડિઝાઈનીંગ | કલા નિષ્ણાત / ગ્રાફીક ડીઝાઈનર |
| ૩ | ફલેશ મોબ | કોરીયોગ્રાફર/નૃત્ય શિક્ષક |
| ૪ | કવીકી/ટૂંકી એડ ફિલ્મ | ફિલ્મ મેકર / જાહેરાત બનાવનાર |
| ૫ | ઓપન કેટેગરી | યુવા ઉત્કર્ષ માટે પ્રવૃત્ત સામાજિક સંગઠનના પ્રતિનિધિ |

૧૩. આવી સ્પર્ધાનું જિલ્લા કક્ષાએ તા.૦૧/૧૦/૨૦૧૪ સુધીમાં મુલ્યાંકન પુરુ કરી જિલ્લા સ્તરના દરેક કેટેગરીના વિજેતાઓની ઘોષણા તા.૦૪/૧૦/૨૦૧૪ સુધીમાં કરવાની રહેશે.

૧૪. જિલ્લા સ્તરે વિજેતા થયેલ કૃતિઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આગામી રાષ્ટ્રીય મતદાતા દિન–૨૦૧૫(NVD)ના તા.૨૫/૦૧/૨૦૧૫ ના રોજ યોજાનાર જીલ્લા કક્ષાના સમારોહમાં આપવામાં આવશે.
પ્રથમ ક્રમને રૂ.૨૫૦૦/–
દ્વિતીય ક્રમને રૂ. ૧૫૦૦/–
તૃતીય ક્રમને રૂ.૭૫૦/–
આ સિવાય જીલ્લા ચૂંટણી તંત્રને યોગ્ય જણાય તેવા કિસ્સાઓમાં ત્રણથી પાંચ પ્રશંસનીય કૃતિઓને આશ્વાસન ઈનામો આપી શકશે. તે ઉપરાંત જિલ્લા ચૂંટણી તંત્ર પ્રાયોજકો Sponsores મેળવીને વધુ ઈનામો (કોઈપણ સ્વરૂપમાં) પણ આપી શકશે.

૧૫. યુવા મતદાર મહોત્સવ નિમિતે મળેલ ઉપર જણાવેલ પાંચ કેટેગરીમાં જીલ્લા કક્ષાએ વિજેતા થયેલી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓને કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી રાજ્યકક્ષાની હરીફાઈ માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરને મોકલી આપશે. આ કૃતિઓનું મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ધ્વારા રચવામાં આવેલ રાજ્ય કક્ષાની નિર્ણાયક સમિતિ મૂલ્યાંકન કરશે. કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી મોકલવામાં આવતી દરેક કૃતિઓ વિદ્યાર્થીનું નામ, કઈ કક્ષામાં અભ્યાસ કરે છે તેની વિગત, સંસ્થાનું નામ, જિલ્લો અને સ્પર્ધાનો પ્રકાર વગેરે પુરી વિગત સાથે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગાંધીનગરને તા.૧૬/૧૦/૨૦૧૩ સુધીમાં મોકલી આપવાની રહેશે.

૧૬. રાજ્ય કક્ષાની નિર્ણાયક સમિતિ તેમની સમક્ષ રજૂ થયેલ કૃતિઓ પૈકી દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા જાહેર કરશે. આ સિવાય કેટલીક વિશિષ્ટ કૃતિઓને 'વિશિષ્ટ પુરસ્કર' માટે પણ પસંદ કરવામાં આવશે.

૧૭. રાજ્ય કક્ષાની નિર્ણાયક સમિતિના અધ્યક્ષ તરીકે અધિક મુખ્ય નિર્વાચન અધિકારી (સ્વીપ) રહેશે. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી નીચે મુજબ સમિતિના અન્ય સભ્યોની નિમણૂંક કરશે.

- નાયબ સચિવ(સ્વીપ)
- નાયબ કલેકટરશ્રી (ચૂંટણી)
- એક નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી
- એક મતદાર નોંધણી અધિકારી
- રાજ્ય કક્ષાના NSS/NCC/NYKS ના વડા
- દૂરદર્શનના પ્રતિનિધિ
- આકાશવાણી/FM રેડિયો ચેનલના પ્રતિનિધિ
- એક IT નિષ્ણાત અને એક જે તે વિષયના નિષ્ણાત રહેશે.

૧૮. રાજ્ય કક્ષાની નિર્ણાયક સમિતિ ધ્વારા જીલ્લા ચૂંટણી તંત્ર તરફથી મળેલ કૃતિઓનું મુલ્યાંકન કરી રાજ્ય કક્ષાએ દરેક કેટેગરીમાં શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની જાહેરાત તા.૧૫/૧૨/૨૦૧૩ સુધીમાં કરવામાં આવશે.

૧૯. રાજ્ય કક્ષાએ દરેક કેટેગરીમાં વિજેતા થયેલ ત્રણ કૃતિઓને નીચે મુજબ પુરસ્કાર તથા ફ્રેમ કરેલું પ્રમાણપત્ર આગામી રાષ્ટ્રીય મતદાતા દિન–૨૦૧૪ (દઅમ)ના તા.૨૫/૦૧/૨૦૧૫ ના રોજ યોજાનાર રાજ્ય કક્ષાના સમારોહમાં આપવામાં આવશે.

પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/–
દ્વિતીય વિજેતાને રૂ.૨૦,૦૦૦/–
તૃતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/–

(1) પ્રમાણપત્ર અમદાવાદ રાખવું
(૨) પરિણામ પત્રો મોકલવા. ૫ X 3 = 15
પ્રથમ ત્રણ કૃતિ ની મોકલવા
state
(1)
Dist.
અમદાવાદ –

Information regarding participants in the contest in various category during "Youth Voters Festival 2014

Name of District :


| No, | No. & Name A.C. | Name & Address of Educational Institutions | Name of Participant | Academic Faculty & Semester | Category to be participated in general | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | Jingle, Songs | Posters | Mascot | Flash Mob |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

| Special Category to be participated by fresh young electors only | | | | Title of the Entry | Committee decision | Remarks of Committee if any |
|---|---|---|---|---|---|---|
| Jingle, Songs | Posters | Mascot | Flash Mob. | | | |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

**Note :**

**This Information must be in English and in excel format only.**

ઉપરની વિગતો અંગ્રેજીમાં એક્સેલ ફોર્મેટમાં આપવાની છે.


8Φ
100C/C
8Φ
100C/C
9 NOS.

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : ઈએલસી/૧૦૨૦૧૪/૬૯૪/છ(સ્વીપ)

તારીખ : ૨૨/૦૮/૨૦૧૪

પ્રતિ,
કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી(સર્વે),

વિષય : 'યુવા મતદાર મહોત્સવર–૨૦૧૪' ની ઉજવણી કરવા બાબત

સંદર્ભ: અત્રેનો તા.૫.૮.૨૦૧૪નો પત્ર ક્રમાંક : ઈએલસી–૧૦૨૦૧૪–૬૯૪–છ

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભમાં દર્શાવેલ પત્રથી 'યુવા મતદાર મહોત્સવ–૨૦૧૪' ની ઉજવણી કરવા અંગેની માર્ગદર્શક સુચનાઓ મોકલી આપવામાં આવેલ છે. જે અન્વયે, 'યુવા મતદાર મહોત્સવ–૨૦૧૪' માં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકે તેમનું નામ તેઓ જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય તે શૈક્ષણિક સંસ્થાના આચાર્ય/સંસ્થાના વડા પાસે નોંધાવવાનું રહે છે. આ માટે અરજીપત્રકનો નમુનો આ સાથે સામેલ છે. જે આપના જીલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પરિપત્રિત કરવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે, ઓપન કેટેગરી માટેની નોંધણી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા નોમીનેટ કરવામાં આવેલ અધિકારી સમક્ષ કરવાની રહેતી હોઈ, આ માટે જો કોઈ સ્પર્ધક અરજીપત્રકની માંગણી કરે તો તેમને પુરું પાડવાનું રહેશે અને ભરેલ અરજીપત્રક પરત મેળવવાનું રહેશે.

(હેમાંગ રાણા)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજય વતી

બિડાણ : ઉપર મુજબ

# દરેક કૃતિ સાથે વિદ્યાર્થી/ સંસ્થાએ મોકલવાનું પ્રવેશપત્ર

સ્પર્ધકનો તાજેતરનો ફોટોગ્રાફ

નામ :–

જાતિ :– પુરુષ / સ્ત્રી

ઉંમર (વર્ષમાં) :–

જન્મ તારીખ :–

શાળા / કોલેજનો વર્ગ/પ્રવાહ/વર્ષ/વિષય :–

શૈક્ષણિક સંસ્થાનું નામ :–

શૈક્ષણિક સંસ્થાનું સરનામું :–

વિદ્યાર્થીની સંપર્ક વિગતો :–

ટેલિફોન નંબર :–

ઈ–મેઈલ :–

સ્પર્ધાની કેટેગરી :–

| | |
|---|---|
| કેટેગરી–૧ જિંગલ્સ/ગીત/રેપ લેખન | |
| કેટેગરી–૨ મેસ્કોટ ડિઝાઈનીંગ | |
| કેટેગરી–૩ ફ્લેશ મોબ | |
| કેટેગરી–૪ ટૂંકી એડ ફિલ્મ/કિવકી | |
| કેટેગરી–૫ ખાસ ઓપન કેટેગરી | |

(જે સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તે સામે ✓ નિશાન કરવું)

## વિદ્યાર્થીનું બાંહેધરીપત્ર

આથી હું જાહેર કરું છું અને પ્રમાણિત કરું છું કે, મેં રજુ કરેલ કૃતિ કોઈપણ જગ્યાએથી કોઈપણ સ્વરૂપે (પ્રિન્ટ/ડીજીટલ/ઈલેક્ટ્રોનિક કે અન્ય) ઉઠાંતરી/નકલ કરેલ નથી અને/અથવા તેની ઉપર કોઈપણ પ્રકારના કોપીરાઈટના બંધનો નથી. કૃતિની ઉઠાંતરી/નકલ માટે ભવિષ્યમાં કોઈપણ પ્રકારના આરોપ કે મારી સામે કાયદાકીય દાવો થશે તો તે માટેની સંપૂર્ણ જવાબદારી હું સ્વીકારું છું અને તે માટે કરવાની થતી કાર્યવાહીની જવાબદારી મારી રહેશે.

---------------------------------

વિદ્યાર્થીની સહી

<u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / કુ. ........................................ ....................................(વિદ્યાર્થીનું નામ) આ સંસ્થાના અધિકૃત વિદ્યાર્થી છે અને તેઓ .......................... (પ્રવાહ/વર્ગ) માં અભ્યાસ કરે છે. શાળા રજીસ્ટરમાં તેમનો રોલ નંબર/ઓળખપત્ર નં. .................... છે. વધુમાં જણાવવાનું કે, આ સંસ્થા ખાતે યોજાયેલ સ્પર્ધામાં તેઓ ..........................(પાંચ પૈકીની કોઈ એક સ્પર્ધાનું નામ)ની સ્પર્ધામાં પ્રથમ/દ્વિતીય/તૃતીય વિજેતા જાહેર કરવામાં આવેલ છે. તેથી હું તેઓની કૃતિ જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે રજુ કરું છું.

______________________________

આચાર્યની સહી અને સંસ્થાનો સિક્કો

આચાર્યનું નામ :–

સંસ્થાનું નામ :–

તારીખ :–

સ્થળ :–